# આજે ન્યુયોર્કમાં મોદીનું ઐતિહાસિક સંબોધન

## મૈડિસન સ્કેવર ગાર્ડન ખાતે લાખો લોકો એકત્રિત રહેશે : યુએન સંબોધન પર વિશ્વની નજર કેન્દ્રિત

ન્યુયોર્ક,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેજિક હવે સમગ્ર અમેરિકામાં પણ છે. મોદીના ક્રેઝને લઈને તમામ અમેરિકી લોકો પણ મોદીના કાર્યક્રમને લઈને નજર રાખી રહ્યા છે. વિશ્વમાં સૌથી શક્તિશાળી નેતા તરીકે ઉભરી રહેલા મોદી આવતીકાલે ન્યુયોર્કના ઐતિહાસિક મેડિસન સ્કેવર ગાર્ડનમાં ઐતિહાસિક સંબોધન કરનાર છે. આ કાર્યક્રમને લઈને તમામ ટિકિટ પહેલાથી જ વેચાઈ ચુકી છે. સમગ્ર જગ્યાને હાઉસફુલ કરી દેવાની બાબત કોઈપણ રોકસ્ટાર અથવા બેન્ડ માટે સ્વપ્ન હોય છે. ન્યુયોર્કના સૌથી પ્રસિદ્ધ સ્પોર્ટ્સ અને મનોરંજન એરિનાને ભરી દેવાનું કોઈપણ રાજકારણી માટે સ્વપ્ન રહે છે. મોદી રવિવારના દિવસે અહીં લોકોને સંબોધિત કરનાર છે ત્યારે આ સ્વપ્ન પરિપૂર્ણ થઈ જશે. મોદીનું અભૂતપૂર્વ સ્વાગત દરેક જગ્યાએ કરવામાં આવી રહ્યું છે.મોદી પાંચ દિવસ સુધી ભરચક કાર્યક્રમમાં રહેશે. ૩૦મી સપ્ટેમ્બરના દિવસે વ્હાઈટ હાઉસમાં શિખર બેઠક યોજાશે. મોદી ગઈકાલે રાત્રે ન્યુયોર્ક પહોંચી ગયા હતા જ્યાં તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. વડાપ્રધાન તરીકે મોદીની આ પ્રથમ યાત્રા છે. ૧૦૦ કલાકના ગાળામાં ૫૦થી પણ વધુ બેઠકો કરનાર છે. પોતાની યાત્રા દરમિયાન મોદી બિલ ક્લિન્ટન અને હિલેરી ક્લિન્ટનને પણ મળશે. ૩૦મીના દિવસે મોદી વોશિંગ્ટનમાં લિંકન અને માર્ટિન લુથરકિંગના સ્મારક ઉપર જશે. ગાંધી સ્ટેચ્યુ ઉપર પણ શ્રદ્ધાંજલિ આપનાર છે. રવિવારના દિવસે આશરે ૨૦ હજાર ભારતીય મૂળના અમેરિકી



લોકો અને અન્ય હસ્તીઓ મોદીને સાંભળવા માટે એકત્રિત થશે. આને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. રવિવાર હોવા છતાં ન્યુયોર્કથી ન્યુજર્સી જતી ટ્રેનો વિકેન્ડની જેમ ચાલશે અને સંખ્યામાં કાપ મુકવામાં આવ્યો નથી. પૂર્વ મિસ અમેરિકા નિના દાઉલુરી કાર્યક્રમમાં હોસ્ટ તરીકે રહેશે. મોદીના વ્યસ્ત કાર્યક્રમોમાં ૨૯મીએ ટોપ ૧૧ કોર્પોરેટ હસ્તીઓ સાથેની બેઠકનો સમાવેશ થાય છે. એજ દિવસે ન્યુયોર્કમાં બિઝનેસ લીડરોને મળશે. ૩૦મીએ વોશિંગ્ટનમાં ૩૦૦થી ૪૦૦ બિઝનેસમેનને મળશે. ભુતપૂર્વ અમેરિકી પ્રમુખને પણ તેઓ મળનાર છે. ૩૦મીએ વ્હાઈટ હાઉસમાં મુખ્ય શિખર બેઠક યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકી યાત્રા ખૂબ જ વ્યસ્ત રહે તેવા સંકેત છે.

૧૦૦ કલાકથી થોડાક વધુ સમયના આ ગાળા દરમિયાન અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા સાથે બેઠક ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પોતાના ભાષણ આપવાની સાથે-સાથે કુલ ૫૦થી વધુ કાર્યક્રમોમાં ભાગ લેશે. ઓબામા સાથે બેઠક વોશિંગ્ટનમાં તેમના ઓવલ ઓફસમાં થશે.અમેરિકામાં પણ હર હર મોદી ઘોષથી સ્વાગત કરવામાં આવ્યું હતુ. મોદી ન્યુયોર્ક પહોંચ્યા બાદ હોટેલની બહાર મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. મોદી પહોંચે તે પહેલા જ ન્યયોર્કના વ્યસ્ત મૈડિસન એવેન્યુ વિસ્તારમાં ટ્રાફિકને રોકી દેવાની ફરજ પડી હતી.

# જયલલિતાને દોષિત ઠેરવાતા તમિળનાડુમાં ભારે હિંસા

બેંગ્લોર,તા. ૨૭

અન્નાદ્રમુકના નેતા જયલલિતાને અપ્રમાણ સંપત્તિ કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ તમિળનાડુના જુદા જુદા ભાગોમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. ચેન્નાઈમાં પણ હિંસા ભડકી ઉઠી હતી. હિંસા ઉપર ઉતરેલા લોકોએ અનેક દુકાનોમાં તોડફોડ કરી હતી. પોલીસ સાથે ઝપાઝપી પણ થઇ હતી. જયલલિતાના સમર્થકો આક્રમક મૂડમાં દેખાતા હતા. સ્થિતિ વિસ્ફોટક બનતા ઘણી દુકાનો અને વેપારી પેઢી બંધ કરી દેવામાં આવી હતી. હિંસાની દહેશતના કારણે લોકો વહેલીતકે ઘર ભેગા થઇ ગયા હતા. કાંચીપુરમ જિલ્લામાં તોફાની ટોળાએ એક બસને આગ ચાંપી દીધી હતી જ્યારે બસો ઉપર પથ્થરમારાનો બનાવ બન્યો હતો. તમામ જગ્યાઓએ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી હતી. ડીએમકેના વડા કરુણાનિધિના પૂતળા પણ સળગાવી દેવામાં આવ્યા હતા. કોઇમ્બતુરમાં અવિનાશી રોડ ઉપર કરુણાનિધિના પુતળા સળગાવવામાં આવ્યા હતા આ ઉપરાંત ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીને લઇને



પણ વિરોધ કરવામાં આવ્યો હતો. સુબ્રમણ્યમે જ જયલલિતા સામે કેસ કર્યો હતો. દરમિયાન પક્ષના બે કાર્યકરોએ આત્મહત્યા કરી લેવાના પ્રયાસો પણ કરી લીધા હતા. ત્રિપુર જિલ્લામાં પલ્લાદમ ખાતે અન્નાદ્રમુકના કાર્યકરે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ડીએમકે અને અન્નાદ્રમુકના કાર્યકરો ગોપાલપુરમ નજીક લોઇડ રોડ ઉપર આમને સામને આવી ગયા હતા. ચેન્નાઈમાં સનથોમ ખાતે સુબ્રમણ્યમ સ્વામીના આવાસ ઉપર જોરદાર પત્થરમારો કરવામાં આવ્યો હતો. પોલીસને ઘણી જગ્યાઓએ લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે પણ પગલા લેવામાં આવ્યા હતા. વધુ તંગદિલી ભડકી ઉઠે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. ઝપાઝપી અને અથડામણમાં ઘણા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ પણ મળ્યા છે. સ્થાનિક લોકો નારાજગીના મુડમાં હતા. તમિળનાડુમાં એકાએક વિસ્ફોટક સ્થિતિ સર્જાઇ ગઇ હતી. તમિળનાડુ પોલીસના ડીવીએસી દ્વારા ૧૯૯૬માં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જયલલિતા, શશીકલા અને અન્યો આજે સવારે ૧૦.૪૨ વાગે કોર્ટમાં પહોંચ્યા હતા. તમિળનાડુ કેબિનેટના તમામ પ્રધાનો પણ સ્થળ ઉપર ઉપસ્થિત રહ્યા હતા. ૧૯૯૬માં એફઆઈઆર નોંધાઈ હોવા છતાં આ કેસ ૧૮ વર્ષ સુધી ચાલ્યો હતો. પ્રોસીક્યુશને ૭૬ પ્રોસીક્યુશન સાક્ષીઓને બોલાવ્યા હતા. ૬૪ જેટલા સાક્ષીઓ તાજના સાક્ષી બની ગયા હતા.

### કોર્ટની આસપાસ છ હજાર સુરક્ષા જવાનો

બેંગ્લોર, તા. ૨૭

રાજકીયરીતે અતિમહત્વપૂર્ણ ગણાતા કેસમાં આજે ચુકાદો આવ્યા બાદ ભારે ખળભળાટ મચી ગયો હતો. ચારેબાજુ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. સુરક્ષા પાસાને ધ્યાનમાં લઈને શહેરથી ૨૦ કિલોમીટરના અંતરે સ્થિત બેંગ્લોર સેન્ટ્રલ જેલમાં વિશેષ અદાલત ખસેડવામાં આવી હતી. પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા પગલા લેવામાં આવ્યા હતા જેથી આ વિસ્તારમાં ૬૦૦૦થી પણ વધારે સુરક્ષા જવાનો ગોઠવવામાં આવ્યા હતા. પાંચ વાગે જયલલિતાની સામે સજા અંગેની જાહેરાત કરાઈ હતી.

**બોધગયાને પ્રવાસ સ્થળ બનાવાશે**

## બોદ્ધ સર્કિટમાં એસી ટ્રેન દોડાવવા નિર્ણય

બોધગયા, તા.૨૭

બોધગયામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ પહોંચે છે જેના ભાગરૂપે હવે સરકારે ૨૦૧૫થી બોદ્ધ સર્કિટમાં એસી ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. અંગ્રેજી નહીં જાણનાર લોકો માટે જુદા-જુદા દેશોની ભાષામાં બોર્ડ પણ મુકવામાં આવશે. બોધગયાને વધુ લોકપ્રિય અને આકર્ષક સ્થળ બનાવવાની યોજના તૈયાર કરી લેવામાં આવી છે. પ્રવાસીઓ માટે ભગવાન બોદ્ધગયાના સ્થળને વધુ લોકપ્રિય અને વધુ સંખ્યામાં લોકો પહોંચે તે માટે સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. બોધગયામાં તમામ ઈલેકટ્રીક થાંભલાઓને દૂર કરી દેવામાં આવશે અને અંડરગ્રાઉન્ડ વાયરીંગની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. કેન્દ્રીય પ્રવાસ પ્રધાન શ્રીપદ નાયકે આજે આ મુજબની માહિતી આપી હતી. બિહારના મુખ્યમંત્રી જીતનરામ, કેન્દ્રીય પ્રવાસ સચિવ પરવેઝ દિવાન, ઉત્તરપ્રદેશના ટેકનીકલ શિક્ષણ પ્રધાન શિવકાંત, બિહારના પ્રવાસ પ્રધાન જાવેદ ઈકબાલ વચ્ચે બેઠક યોજાઈ હતી અને આ તમામ ઉપસ્થિત રહ્યા હતા. બોધગયામાં મહોત્સવની શરૂઆત થઈ ચુકી છે. જેમાં જુદા જુદા દેશોના લોકો પણ પહોંચ્યા છે.

## ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પોતાના સંબોધનમાં પાકિસ્તાની વડાપ્રધાને ફરી વખત કાશ્મીર મુદ્દો ઉઠવ્યો

ન્યુયોર્ક , તા.૨૭

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કાશ્મીરમાં જનમત સંગ્રહ કરાવવાના વચનને પૂર્ણ કરવાની વાત કરી હતી. પાકિસ્તાનના વડાપ્રધાન શરીફે આક્ષેપ કરતા કહ્યું હતું કે વિદેશ સચિવ સ્તરની મંત્રણા રદ કરીને પેન્ડિંગ રહેલા તમામ જટિલ વિવાદોને ઉકેલી લેવાની એક સુવર્ણ તક ભારતે ગુમાવી દીધી છે. તેમણે કહ્યું હતું કે ભારત સરકારે વિદેશ સચિવ સ્તરની મંત્રણા રદ કરી નાંખી હતી. નવાઝ શરીફે ભારતને નુકસાન પહોંચાડવાના તમામ પ્રયાસ કર્યા હતા. ભારતને બેવડા ફટકારૂપે શરીફે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમા 'કાયમી સભ્યની સંખ્યા વધારી દેવાની બાબતને પણ ફગાવી દીધી હતી. ભારત તરફથી વર્ષોથી સુરક્ષા પરિષદમાં સુધારા માટે માંગ કરવામાં



આવી રહી છે. નવાઝ શરીફે દાવો કર્યો હતો કે કાશ્મીરના મુખ્ય મુદ્દાની અવગણના કરી શકાય નહી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન વાતચીત મારફતે સમસ્યાના ઉકેલ માટે કામ કરવા ઈચ્છુક છે. શરીફે વાર્ષિક સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધતા કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરના લોકોને આત્મનિર્ણય કરવાના અધિકાર આપવા અમે સમર્થન જારી રાખીશુ. ભારતની પરોક્ષરીતે ટિકા કરતા તેમણે કહ્યું હતું કે છેલ્લા છ દશકથી પણ પહેલા સંયુક્ત રાષ્ટ્રમાં જમ્મુ કાશ્મીરમાં જનમત સંગ્રહ કરાવવા માટે એક પ્રસ્તાવ પ્રસાર કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરના લોકો હજુ પણ આ વચનને પૂર્ણ કરવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છે. કાશ્મીરમાં અનેક લોકો સાથે અત્યાચાર કરવામાં આવ્યા છે. તેમના મૂળભૂત અધિકારોનો ભંગ કરવામાં આવ્યો છે. ખાસ કરીને કાશ્મીરી મહિલાઓ ખુબ ખરાબ મુસીબત અને અપમાનની સ્થિતીમાંથી બહાર નિકળી છે. શરીફે કહ્યું હતું કે લાહોર ઘોષણા પત્ર અને અન્ય દ્વિપક્ષીય રીતે વિવાદને ઉકેલી લેવાના પ્રયાસ થતા રહ્યા છે. કાશ્મીર વિવાદને ઉકેલવાની સંયુકત રાષ્ટ્રની જવાબદારી છે. જ્યાં સુધી જમ્મુ કાશ્મીરના લોકોની ઈચ્છા મુજબ કાશ્મીર મુદ્દાનો ઉકેલ કરવામાં આવતો નતી ત્યાં સુધી સમસ્યાનો ઉકેલ આવી શકશે નહી. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાને ભારતની ચેતવણી છતાં કાશ્મીરમાં અલગતાવાદીઓ સાથે વાતચીત કરી હતી. જેના લીધે ભારતે વિદેશ સચિવ સ્તરની મંત્રણા પાકિસ્તાન સાથે રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. નવાઝ શરીફે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યોની સંખ્યાને વધારવાની રજૂઆતને ફગાવી દીધી હતી. હાલમાં સંયુક્ત રાષ્ટ્રમાં પાંચ કાયમી સભ્ય દેશ છે.

## સ્મૃતિ ઈરાની સામે કેસમાં ૨૮મીએ સુનાવણી થશે

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હી કોર્ટે કોંગ્રેસના વરિષ્ઠ નેતા સંજય નિરુપમ દ્વારા દાખલ કરવામાં આવેલી બદનક્ષીની ફરીયાદમાં સુનાવણી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવશે. કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાની સામે દાખલ કરવામાં આવેલી ફરિયાદના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવશે. આરોપી તરીકે અગાઉ સ્મૃતિ ઈરાની સામે સમન્સ જારી કરવામાં આવ્યો હતો.

મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ ધીરજ મિત્તલ દ્વારા આરોપી તરીકે તેમની સામે સમન્સ જારી કર્યો હતો. આજે કોર્ટમાં હાજર થવા માટે કહેવાયું હતું. પરંતુ આજે સ્મૃતિ ઈરાની ઉપસ્થિત રહી શક્યા નહતા જેથી આ મામલામાં હવે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ નિરુપમ દ્વારા સ્મૃતિ સામે ફરીયાદ દાખલ કરવામાં આવી હતી અને એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, જ્યારે ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા ત્યારે ભાજપના નેતાએ બદનક્ષી ભર્યા શબ્દો કહ્યા હતા. ટીવી ચેનલ પર ચર્ચા દરમિયાન ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા.ભાજપના સાંસદ તરીકે ઈરાની સામે આક્ષેપ થયા બાદ ભાજપના નેતાઓએ નારાજગી વ્યક્ત કરી હતી.



ભારત સરકાર દ્વારા મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના સંદેશને જન જન સુધી પહોંચાડી સ્વચ્છ ભારતનું નિર્માણ કરવાના હેતુથી 'સ્વચ્છતા અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનમાં સરકારના દરેક મંત્રીઓ પણ ઉત્સાહપૂર્વક જોડાયાં છે. નવી દિલ્હી ખાતેના શ્રમ શાંતિ ભવનમાં યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં ભારતના જળ સંશાધન મંત્રી ઉમા ભારતીએ પણ ઝાડુ પકડીને જાતે સફાઈ કરી પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું હતું.

**૧૭મા એશિયન રમતોત્સવમાં ભારતને વધુ એક ગોલ્ડ**

## તિરંદાજી : ભારતીય પુરૂષની ટીમ ગોલ્ડ જીતવામાં સફળ

ઈંચન,તા. ૨૭

ભારતીય તિરંદાજોની પુરૂષ ટીમે આજે સવારે ૧૭માં એશિયન રમતોમાં ભારતને વધુ એક ગોલ્ડ અપાવવામાં સફળતા મેળવી હતી. આની સાથે જ ભારતે હવે એશિયન રમતોમાં હજુ સુધી બે સુવર્ણ ચન્દ્રક જીતી લીધા છે. આજે સવારે પુરૂષોની કમ્પાઉન્ડ ટીમ ઈવેન્ટમાં ભારતીય ત્રિપુઠીને દક્ષિણ કોરિયને હાર આપીને સુવર્ણ ચન્દ્રક જીતી લેવામાં સફળતા મેળવી હતી. આ અગાઉ રમતોત્સવના પ્રથમ દિવસે ભારત માટે પ્રથમ સુવર્ણ ચન્દ્રક જીતુ રાયે જીતીને ઈતિહાસ સર્જયો હતો. જ્યારે ભારતીય મહિલા ટીમે કમ્પાઉન્ડમાં ત્રીજા સ્થાને રહેવામાં સફળતા મેળવી હતી. જેથી ભારતીય મહિલા કમ્પાઉન્ડ ટીમે કાસ્ય જીતી લેવામાં સફળતા મેળવી હતી. અભિષેક વર્મા, રજત ચોહાણ અને સંદીપ કુમારની ભારતીય પુરૂષોની ત્રિપુઠીએ યજમાન દેશ પર ૨૨૭-૨૨૫ના અંતરે જીત મેળવી હતી. આની સાથે જ આઠ દિવસમાં બીજી વખત સુવર્ણ ચન્દ્રક જીતી લેવામાં ભારતીય ટીમ સફળ રહી હતી. આજે નજીકની સ્પર્ધામાં ચોઈ યોંગહી, મિન લિ હોંગ અને યાંગ યંગ હોની દક્ષિણ કોરિયન ટીમ માત્ર બે પોઈન્ટથી પાછળ રહી જઈને ગોલ્ડથી વંચિત રહી ગઈ હતી. જ્યારે બીજી બાજુ ભારતીય ટીમે આ મહત્વપૂર્ણ મુકાબલામાં દબાણ હોવા છતાં સંયમ જાળવી રાખીને જીત મેળવી હતી. ભારતીય પુરૂષ ટીમે ૧૨ ટેન્સથી પોઈન્ટ મેળવ્યા હતા. જ્યારે હરિફ ટીમને ૧૩ ટેન્સ રહ્યા હતા. આ અગાઉ ભારતીય પુરૂષની ત્રિપુઠીએ ગુરૂવારે સેમીફાઈનલમાં ઈરાનની ઈસ્માઈલ ઈબદી, માજિદ ઘેદી અને આમીર કોજેમપુરની ત્રિપુઠી પર જીત મેળવીને ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. આ ટીમે ઈરાનુપર ૨૩૧-૨૨૭થી જીત મેળવી હતી. આ ટીમે અંતિમ ૧૬ એલિમિનેશન રાઉન્ડમાં કતાર પર ૨૩૩-૨૧૮થી જીત મેળવી હતી. જ્યારે ક્વાર્ટર ફાઈનલમાં મલેશિયા પર ૨૩૪-૨૨૯થી જીત મેળવી હતી. મહિલાઓની ટીમે ઈરાનને હાર આપીને કાસ્ય જીતી લેવામાં સફળતા મેળવી હતી.

## સમાચાર ઝલક

- પોરબંદરના સસંદ સભ્ય રાદડિયા કુટુંબે કન્યાદાનમાં રૂ. ૧૦૦ કરોડનો કરિયાવર કર્યો.
- અમદાવાદમાં કલ્યાણ જ્વેલર્સ નજીકથી ૧ કરોડના સોનાની લુંટથી સનસનાટી.
- વડોદરામાં કોમી તોફાનો દાબી દેવા સરકાર સજ્જ, સોશ્યલ મીડીયા પર મર્યાદિત પ્રતિબંધ.
- આસામ-મેઘાલયમાં વણસતી જતી પુર પરિસ્થિતિ.
- ગોધરામાં નવરાત્રિ દરમિયાન પોલીસની હેરાનગતિ સામે બીજા નોરતાએ સમગ્ર શહેરમાં ગરબા બંધ રખાયા. ફકત આરતી કરી.
- અમેરિકામાં ૩૫ લાખ હિન્દુસ્તાનીઓ વસવાટ કરે છે : ટેકનીકલ બાબતોમાં નિષ્ણાત.
- બારડોલીમાંથી એક કરોડનું હેરોઈન પકડાયું.
- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશશ્રી લોઢા નિવૃત્ત થયા.
- વડોદરામાં પોલીસ અધિકારીના વિવાદી નિવેદનથી સોમવારે વકીલોની હડતાળ.
- મોટેરા ક્રિકેટ સ્ટેડિયમ વિશ્વનું સૌથી વધુ બેઠકો સમાવતું સ્ટેડિયમ બનશે.
- દિલ્હીમાં પોલીસ કોન્સ્ટેબલ પર ગોળીબાર ગંભીર સ્થિતિ.
- જાપાનમાં જ્વાળામુખી ફાટયો. હજ્જારો અસરગ્રસ્ત બન્યા.

## જયાને સજા : અન્નાદ્રમુકના અસ્તિત્વ ઉપર હવે ખતરો

બેંગ્લોર,તા. ૨૭

જયલલિતાને કઠોર સજા કરવામાં આવ્યા બાદ તમિળનાડુના રાજકારણમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઇ ગઇ છે. અન્નાદ્રમુકમાં સૌથી વધારે સોંપો પડ્યો છે. આ ચુકાદો આવ્યા બાદ અન્નાદ્રમુક પાર્ટીના અસ્તિત્વને લઇને જોરદાર તર્કવિતર્કોનો દોર શરૂ થઇ ગયો છે. પોતાના પક્ષના કાર્યકરો દ્વારા જયલલિતાને મુખ્યરીતે અમ્મા તરીકે બોલાવતા હતા. તમિળનાડુના વિધાનસભાના સભ્ય તરીકે પણ તેઓ ગેરલાયક થઇ ગયા છે. જયલલિતાની ગેરહાજરીમાં અન્નાદ્રમુક પાર્ટી હવે ટકી શકશે કે કેમ તેને લઇને પણ ભારે સસ્પેન્સની સ્થિતિ ઉભી થઇ ગઇ છે. તેમની હરીફ પાર્ટી કરુણાનિધિની ડીએમકે લાભ ઉઠાવે તેમ પણ માનવામાં આવે છે. બીજી બાજુ ભાજપની સ્થિતિ દિનપ્રતિદિન મજબૂત થઇ રહી છે. આવી સ્થિતિમાં અન્નાદ્રમુકના અસ્તિત્વને લઇને હવે પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે. જયલલિતાને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સજા ફટકારવામાં આવી હતી. આઈપીસીની કલમ ૧૦૯, ૧૨૦બી હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. સાથે સાથે ભ્રષ્ટાચાર અટકાયત ધારાની કલમ ૧૩ હેઠળ પણ દોષિત ઠેરવવામાં આવ્યા છે. જયલલિતાના નજીકના સાથી શશીકલાને પણ દોષિત ઠેરવવામાં આવ્યા છે. બીજી બાજુ આ ચુકાદા અંગે પ્રતિક્રિયા આપતા અન્નાદ્રમુકના કાર્યકરો નિરાશ દેખાયા હતા જ્યારે ડીએમકેના કાર્યકરો કરુણાનિધિના આવાસની બહાર ઉજવણી કરતા નજરે પડ્યા હતા.

### ચાર વર્ષની જેલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ આરોપોમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ કેસના સ્પેશિયલ જજ જ્હોન માઈકલ ૨૦મી સપ્ટેમ્બરના દિવસે સજા સાથે સંબંધિત ચુકાદો આપનાર હતા પરંતુ સુરક્ષા કારણોસર આ ચુકાદો ટાળી દેવામાં આવ્યો હતો જેના લીધે આજે ચુકાદો આપવામાં આવ્યો હતો. જયલલિતાની સજાની જાહેરાત આશરે પાંચ વાગ્યાની આસપાસ કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન સજાને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ રહી હતી. રાજકીય રીતે ખુબ જ સંવેદનશીલ મામલો હોવાના કારણે આ મામલાની સુનાવણી બેંગ્લોરમાં પોલીસે ગોઠવી હતી. વકીલો તરફથી પણ સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા બાદ શહેરથી ૨૦ કિલોમીટરના અંતરે સ્થિત બેંગ્લોર સેન્ટ્રલ જેલમાં ખાસ અદાલતને ખસેડવામાં આવી હતી. પોલીસ અને વહીવટીતંત્રને શંકા હતી કે, હિંસા ભડકી શકે છે જેથી તમામ સુરક્ષા પગલા લેવામાં આવ્યા હતા. જયલલિતા બેંગ્લોર પહોંચે તે પહેલા જ સમર્થકો પહોંચી ગયા હતા. પોલીસે તેમના સમર્થકો ઉપર લાઠીચાર્જ કર્યો હતો. કર્ણાટક પોલીસ તરફથી પણ સુરક્ષા વ્યવસ્થાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જયલલિતાની સામે ૧૮ વર્ષ પહેલા આવકથી વધુ સંપત્તિ એકત્રિત કરવાનો મામલો દાખલ કરવામાં આવ્યો હતો.